# દક્ષિણ ગુજરાતમાં કપાસ, તુવેર અને કેળાના પાકને ભારે નુકસાન

**સતત** ભારે વરસાદથી ખેતરો જળબંબાકાર; કપાસ-તુવેરમાં મૂળ સડવાની ભીતિ, કામરેજમાં પવનથી કેળાના પાકનો નાશ, શેરડી માટે 'સફેદ માખી'થી રાહતની આશા



સુરતઃ સુરત, નવસારી, વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા સાર્વત્રિક ભારે વરસાદે ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. ખેતરોમાં પાણી ભરાઈ જતાં કપાસ, તુવેર અને કેળા સહિતના વિવિધ પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું હોવાથી ખેડૂતોની હાલત કફોડી બની હતી. બીજી તરફ શેરડીના પાક માટે આ વરસાદ લાભદાયી બનવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ખેડૂત અગ્રણી અને સહકારી આગેવાન જયેશભાઈ દેલાડે જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાતમાં અનેક વિસ્તારોમાં ખેતરોમાં પાણી ભરાઈ જતાં કપાસ અને તુવેરના પાકના મૂળ સડવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જો આગામી દિવસોમાં પાણીનો નિકાલ નહીં થાય તો પાકને મોટું નુકસાન થવાની શક્યતા છે, જેના કારણે ખેડૂતો ભારે આર્થિક સંકટમાં મૂકાઈ શકે છે.

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં ભારે પવન સાથે વરસેલા વરસાદે સૌથી વધુ નુકસાન કેળાના પાકને પહોંચાડ્યું છે. અનેક ખેતરોમાં કેળાના છોડ જમીનદોસ્ત થઈ ગયા હોવાથી ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન સહન કરવું પડી રહ્યું છે.

ભારે વરસાદની વચ્ચે શેરડીનું વાવેતર કરનારા ખેડૂતો માટે એક સારા સમાચાર છે. કૃષિ જાણકારોના મતે વરસાદના કારણે શેરડીમાં જોવા મળતા 'વ્હાઈટ ફ્લાય' (સફેદ માખી)ના ઉપદ્રવમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે, જેના કારણે શેરડીનો પાક વધુ સ્વસ્થ રહેવાની અને ઉત્પાદન સુધરવાની આશા છે.

જયેશભાઈ દેલાડે રાજ્ય સરકારને નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક પાકનો સરવે હાથ ધરવા, ખેડૂતોને યોગ્ય વળતર આપવા અને કૃષિ વિભાગ દ્વારા માર્ગદર્શન તથા સહાય ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે.

# અંબિકા તાલુકામાં 4 ઈંચ વરસાદ: બે દિવસ યલો એલર્ટ

**આગામી** 26 જુલાઈ સુધી વરસાદની આગાહી યથાવત: કામરેજમાં બે ભેંસ પાણીમાં તણાઈ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ગઈકાલે રાત્રે પડેલા વરસાદ બાદ આજે સવાર સુધી વાતાવરણમાં થોડો વિરામ જોવા મળ્યો હતો, પરંતુ દિવસ દરમિયાન ધીમીધારે વરસાદ ચાલુ રહ્યો હતો. સાંજ પડતાં જ વરસાદે ફરી જોર પકડતાં શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરત શહેરમાં અંદાજે દોઢ ઈંચ વરસાદ નોંધાતા અનેક મુખ્ય માર્ગો પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. સાંજના સમયે વરસાદ વધતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ફરી જોવા મળી હતી. હાલ દક્ષિણ ગુજરાત ઉપર વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી આગામી 26 જુલાઈ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે.

### ક્યાં કેટલો વરસાદ

| તાલુકો | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 3 |
| માંગરોલ | 6 |
| ઉમરપાડા | 40 |
| માંડવી | 6 |
| કામરેજ | 5 |
| સુરત | 40 |
| ચોર્યાસી | 13 |
| પલસાણા | 63 |
| બારડોલી | 32 |
| મહુવા | 72 |
| અરેઠ | 6 |
| અંબિકા | 90 |

### જિલ્લામાં 1,335નું સ્થળાંતર, કામરેજમાં બે ભેંસ તણાઈ

જિલ્લાના તમામ તાલુકાઓમાંથી કુલ 1,335 લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કામરેજ તાલુકાના કામરેજ ગામના દેવેન્દ્રભાઈ માનસિંગભાઈ ગોહિલની બે ભેંસ પાણીમાં તણાઈ ગઈ હતી.

**સરકારે ખાડીપૂર નિયંત્રણ માટે ફરી નવી કમિટી બનાવી**

# દર વર્ષે પૂર, દર વર્ષે કમિટી... છતાં ખાડીપૂરની સમસ્યા યથાવત

**સુરતની** પ્રજા ઇચ્છે છે કે, માસ્ટર પ્લાન કાગળમાંથી બહાર આવે ને શહેર યાતનામાંથી છૂટે

**સ્ટેટ** લેવલની કમિટીમાં અગ્ર સચિવ થેન્નારાશન, શહેર સ્તરની કમિટીમાં કમિશનર એમ.નાગરાજન અધ્યક્ષ

સુરતઃ હજારો પરિવારો પાણીમાં ફસાય, તંત્ર દોડધામ કરે, ઉચ્ચસ્તરીય બેઠકો યોજાય અને ત્યારબાદ ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે કમિટીઓની જાહેરાત થાય. પરંતુ ચોમાસું પૂર્ણ થતાં જ આ તમામ કવાયત અભેરાઈ પર ચડી જતી હોવાનો અનુભવ શહેરવાસીઓને થઈ રહ્યો છે. આ વર્ષે પણ સતત ખાડીપૂરની ગંભીર પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે ફરી એકવાર સુરત માટે રાજ્ય અને શહેર સ્તરની મોનિટરિંગ કમિટીઓનું ગઠન કર્યું છે. જોકે, ગત વર્ષે રચાયેલી કમિટીએ શું કામગીરી કરી, કેટલી બેઠકો મળી અને કયા નિર્ણયોનો અમલ થયો, તે અંગે કોઈ જવાબદારી નક્કી થઈ નથી. હવે શહેરવાસીઓની અપેક્ષા માત્ર નવી કમિટી રચાય એટલી નથી. લોકો ઈચ્છે છે કે આ વખતે ડીપીઆર, માસ્ટર પ્લાન અને મોનિટરિંગ માત્ર કાગળો સુધી મર્યાદિત ન રહે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત મુલાકાત દરમિયાન શહેરને ખાડીપૂરની સમસ્યામાંથી કાયમી રાહત આપવા માટે રૂ.500 કરોડની સહાયની જાહેરાત કરી હતી. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થૈન્નારાશનને સુરતમાં મોકલી ખાડીપૂર નિયંત્રણ માટે વિવિધ વિકલ્પોનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. વિવિધ કન્સલ્ટન્ટોના પ્રેઝન્ટેશન બાદ ડીપીઆર અને લાંબા ગાળાના માસ્ટર પ્લાન તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે રાજ્ય સરકારે સુરતમાંથી પસાર થતી ખાડીઓના પૂરનું મિટીગેશન (નિયંત્રણ) કરવા માટે રાજ્ય સ્તરની મોનિટરિંગ કમિટીનું ગઠન કર્યું છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ એમ. થૈન્નારાશનની નિમણૂક કરવામાં આવી છે. કમિટીમાં કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, સુરત મનપા કમિશનર એમ. નાગરાજન, સુડા સીઈઓ, સુરત કલેક્ટર, માર્ગ અને મકાન વિભાગ, જળસંપત્તિ અને સિંચાઈ વિભાગ, સરદાર સરોવર નિગમ અને જીપીસીબી સહિતના વરિષ્ઠ અધિકારીઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત મનપા કમિશનર એમ. નાગરાજનની અધ્યક્ષતામાં શહેર સ્તરની (સિટી લેવલ) કમિટી પણ રચવામાં આવી છે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે ગત વર્ષે પણ આવી જ રાજ્ય અને શહેર સ્તરની કમિટીઓ રચાઈ હતી. ત્યારે પણ ખાડીપૂરની સમસ્યાના ટૂંકા અને લાંબા ગાળાના ઉકેલો શોધવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે એક વર્ષ બાદ પણ શહેર ફરી એ જ સ્થિતિમાં પહોંચી ગયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગત ચોમાસા પછી કમિટીની નિયમિત બેઠકો પણ યોજાઈ નહોતી. પરિણામે લોકોમાં એવી ચર્ચા છે કે દર વર્ષે નવી કમિટી રચાય છે, પરંતુ તેના અમલ અને જવાબદારીનું કોઈ મૂલ્યાંકન થતું નથી.

### ડીપીઆરથી અમલીકરણ સુધીની સમગ્ર જવાબદારી સુરત મનપાની

રાજ્ય સરકારના આદેશ મુજબ ખાડીપૂર મિટીગેશન માટે કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર થનારા ડીપીઆર અને માસ્ટર પ્લાનને મંજૂરી અપાવવાથી લઈને તેના અમલીકરણ સુધીની સમગ્ર નોડલ જવાબદારી સુરત મહાનગરપાલિકાને સોંપવામાં આવી છે. રાજ્ય અને શહેર સ્તરની કમિટીઓની બેઠકોનું આયોજન, એજન્ડા, મિનિટ્સ તૈયાર કરવી, વિવિધ વિભાગો વચ્ચે સંકલન જાળવવું તેમજ દરેક બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલની દેખરેખ રાખવાની જવાબદારી પણ મનપા નિભાવશે. એટલે આ સમગ્ર પ્રોજેક્ટના સફળ અમલીકરણમાં સુરત મનપાની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ રહેશે.

### સરકાર સુરતવાસીઓ માટે ગંભીર નથી? નિવૃત્ત અધિકારીને કમિટીમાં સ્થાન!

ખાડીપૂરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના દાવા વચ્ચે સરકારના તાજેતરના આદેશમાં પણ એક ગંભીર ક્ષતિ સામે આવી છે. શહેર સ્તરની કમિટીમાં મનપાના સિટી ઇજનેર તરીકે જતીન દેસાઈનું નામ સામેલ કરવામાં આવ્યું છે, જ્યારે તેઓ 30 નવેમ્બર, 2025ના રોજ જ નિવૃત્ત થઈ ચૂક્યા છે. ત્યારબાદ આ પદનો ચાર્જ અન્ય અધિકારીઓ પાસે રહ્યો હતો અને તેઓ પણ નિવૃત્ત થઈ ચૂક્યા છે. તેમ છતાં નિવૃત્ત અધિકારીનું નામ કમિટીમાં સમાવાતાં સરકારે કમિટી રચતાં પહેલાં અધિકારીઓની વર્તમાન સ્થિતિની પણ ચકાસણી કરી ન હોવાનું સ્પષ્ટ થયું છે.

### ખાડીપૂર નિવારણના માસ્ટર પ્લાનના DPR માટે કન્સલ્ટન્ટસી નિમાઇ

સુરતઃ ખાડીઓ ઓવરફ્લોની હાલાકીના કાયમી નિવારણ અર્થે ગત 14 જુલાઈના રોજ ઉચ્ચ અધિકારીઓની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં હાઇડ્રોલોજી અને હાઇડ્રોલિક મોડલિંગ સ્ટડી સાથે ડીટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાનો નિર્ણય લેવાયો હતો. આ અંતર્ગત રજૂ કરાયેલી કન્સલટન્સીની દરખાસ્તને સ્થાયી સમિતિના શાસકોએ વધારાના કામ તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ કામગીરી અમદાવાદની મલ્ટી મીડિયા કન્સલટન્ટસ પ્રા.લિ.ને સોંપવાની દરખાસ્ત મંજૂર કરાઈ છે, જેને ત્રણ મહિનાની સમયમર્યાદામાં પૂરી કરવાની રહેશે.

# ઉકાઇ ડેમમાં પાણીની આવક વધી, સપાટી 315.03 ફૂટે

**મધ્યપ્રદેશ**-મહારાષ્ટ્રમાં સક્રિય લો પ્રેશર સિસ્ટમના કારણે આગામી બે-ત્રણ દિવસ સુધી વરસાદ યથાવત્ રહેવાની સંભાવના

સુરતઃ દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉકાઈ ડેમના ઉપરવાસ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં સક્રિય બનેલી લો પ્રેશર સિસ્ટમના કારણે ઉપરવાસમાં સારો વરસાદ નોંધાતા ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. શુક્રવારે ડેમમાં અંદાજે 22 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી, જેના પરિણામે ડેમની જળસપાટી વધીને 315.03 ફૂટ પર પહોંચી છે.

ઉપરવાસના વિવિધ રેનગેજ સ્ટેશનોમાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ કાકડીમ્બામાં સૌથી વધુ 165 મી.મી., ઉકાઈમાં 135 મી.મી., ચોપડવાવમાં 124 મી.મી. અને ચાંદપુરમાં 107 મી.મી. વરસાદ નોંધાયો હતો. ઉપરાંત સાગબારામાં 84 મી.મી., વેલદામાં 52 મી.મી., ખેતિયામાં 45 મી.મી., કુકરમુંડામાં 42 મી.મી., ડામરખેડામાં 38 મી.મી., ધુલિયામાં 28 મી.મી., નંદુરબારમાં 21 મી.મી., માલપુરમાં 19 મી.મી., ગીધાડેમાં 16 મી.મી. અને સારંગખેડામાં 15 મી.મી. વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં સર્જાયેલી લો પ્રેશર સિસ્ટમ હજુ સક્રિય રહેવાની શક્યતા છે. તેના કારણે આગામી બેથી ત્રણ દિવસ સુધી ઉપરવાસમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# અષાઢી એકાદશીએ સુરતના ઓલપાડનું 'મિની પંઢરપુર' આસ્થાનું કેન્દ્ર બન્યું

**ઓલપાડના** તળાવ કિનારે આવેલું અંદાજે 400 વર્ષ જૂનું પેશ્વાકાલીન વિઠ્ઠલ-રુક્મિણી મંદિર



સુરતઃ અષાઢી એકાદશી એટલે ભગવાન વિઠ્ઠલ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનો મહાપર્વ. મહારાષ્ટ્રના પંઢરપુરમાં યોજાતી પ્રસિદ્ધ 'વારી'માં દેશભરમાંથી લાખો ભક્તો જોડાય છે. જોકે વિવિધ કારણોસર જે શ્રદ્ધાળુઓ પંઢરપુર સુધી પહોંચી શકતા નથી, તેમના માટે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલું વિઠ્ઠલ-રુક્મિણી મંદિર 'મિની પંઢરપુર' તરીકે વિશેષ ઓળખ ધરાવે છે.

ઓલપાડ વિસ્તારમાં તળાવના શાંત કિનારે આવેલું આ પેશ્વાકાલીન મંદિર અંદાજે 400 વર્ષથી પણ વધુ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. વર્ષો જૂના આ ધાર્મિક સ્થળે ભગવાન વિઠ્ઠલ અને માતા રુક્મિણીની મનોહર પ્રતિમાઓ ભક્તોને આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે. મંદિરનો ઐતિહાસિક વારસો, પરંપરાગત સ્થાપત્ય અને પ્રાકૃતિક વાતાવરણ તેને વિશિષ્ટ બનાવે છે. અષાઢી એકાદશીના પાવન દિવસે અહીં ભક્તોની વિશેષ ભીડ જોવા મળે છે. સુરત શહેર તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મરાઠી સમાજ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા વારી લઈને મંદિરે પહોંચે છે. આ દિવસ દરમિયાન મંદિર પરિસરમાં પંઢરપુર જેવી જ ભક્તિભાવની અનુભૂતિ થાય છે.

જો આ વર્ષે પંઢરપુરની વારીમાં જોડાવાનો અવસર ન મળ્યો હોય, તો સુરતના ઓલપાડમાં આવેલું આ ઐતિહાસિક વિઠ્ઠલ-રુક્મિણી મંદિર ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિક અનુભૂતિ માટે ઉત્તમ વિકલ્પ બની શકે છે. ચાર સદીથી વધુ સમયથી ભક્તિ અને સંસ્કૃતિની પરંપરાને જીવંત રાખતું એક પવિત્ર તીર્થસ્થાન છે. તળાવની પાળ પર આવેલું આ મંદિર માત્ર ધાર્મિક આસ્થાનું કેન્દ્ર જ નથી, પરંતુ કુદરતી સૌંદર્યથી ઘેરાયેલું હોવાથી અહીં આવતા લોકોને માનસિક શાંતિ અને સકારાત્મક ઊર્જાનો અનુભવ થાય છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### પૂરથી નવસારી...

છત, અગાસી અને ઊંચા સ્થળોએ આશરો લેવાની ફરજ પડી હતી. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં કમરથી લઈને છાતી સમાણું પાણી ભરાઈ જતાં અનેક પરિવારો ઘરોમાં જ ફસાઈ ગયા છે. ઘરોમાં પાણી ઘૂસી જતાં અનાજ, ઘરવખરી, વાહનો અને અન્ય કિંમતી ચીજવસ્તુઓને ભારે નુકસાન થયું છે. ગણદેવીમાં કુલ 13 લોકોના મોત થયા છે. ગણદેવી તાલુકાના ઊંડાચ ગામમાં જ છ લોકોના મોત થયા છે. વલસાડના છીપવાડ જે અનાજના જથ્થાબંધ વેપારીઓના ગોડાઉન હોવાથી અહીં દસથી ૧૨ ફૂટ જેવા પાણી ફરી વળતા મોટું નુકસાન થયું છે. બીજી તરફ ઘણી સોસાયટીઓમાં પણ પાણી ફરી વળતા ઘરવખરીનું નુકસાન વલસાડ, પારડી, વાપી, ઉમરગામમાં જોવા મળ્યું છે. વલસાડ, વલસાડ પારડી, બરૂડીયાવાડ, કાશ્મીરા નગર, તરીયાવાડ, હનુમાન ભાગડા તેમજ કૈલાશરોડ જેવા નીચાણવાળા અને નદી કિનારાના વિસ્તારોમાં પૂરના પાણી ઘરોની અંદર સુધી ઘૂસી ગયા હતા જે આજે ઓસરી ગયા હતા. અચાનક આવી પડેલી આ આપત્તિને કારણે સ્થાનિક રહીશોને પોતાની જીવનજરૂરી ચીજવસ્તુઓ કે કિંમતી સામાન બચાવવાનો પણ સમય મળ્યો ન હતો. પૂરના પાણી ઉતર્યા બાદ લોકો જ્યારે પોતાના ઘરે પહોંચ્યા ત્યારે ચારેય તરફ કાદવ-કીચડનું સામ્રાજ્ય અને વેરવિખેર ઘરવખરી જોવા મળી હતી. વાંસદાના રંગપુર ગામના રહેવાસી રાજવીર હંસરાજ ભોયા (ઉં.વ. 24) અને મયુર કલ્પેશભાઈ ગાયકવાડ (ઉં.વ. 21) યુનિકોર્ન બાઈક (નં. GJ-21-BH-7058) પર લીમઝર માર્ગના કોઝવે પરથી તણાઈ ગયા હતાં તેમાંથી રાજવીરનો મૃતદેહ ખેતરમાંથી મળી આવ્યો છે. પારડીના વૈકુંઠધામ સ્મશાનગૃહ જળમગ્ન થઈ જતાં અગ્નિસંસ્કાર માટે આવેલા લોકો નનામી લઈને પરત ફર્યા હતા ત્યાર બાદ ઉમરસાડી દેસાઈવાડ ગામે અંતિમક્રિયા કરવા જવાની ફરજ પડી હતી. ટૂકવાડા ખાતે પાણી ભરાતા શ્રમિક પિતા પુત્રને ખભા પર બેસાડીને પાણીમાંથી પસાર થતાં હતાં ત્યારે તીવ્ર પ્રવાહમાં પુત્ર ખભા પરથી નીચે પડી પાણીમાં તણાઈ જતાં તેનું મોત થયું હતું. પારડીના અંબાચ ગામે આવેલ પાનેર ફળિયામાં તબેલાની દિવાલ પડતાં ગાયોની દેખરેખ રાખતા મૂળ રાજસ્થાનના ૩૮ વર્ષીય મોહમ્મદઅમીન શૌકતઅલી દીવાલ નીચે દબાઈ જતાં મોત થયું હતું આ ઉપરાંત તબેલામાં બાંધેલી ૩ ગાયો અને ૧ વાછરડું પણ દીવાલ નીચે દબાઈને પાણીમાં મૃત્યુ પામ્યા હતાં. ચીખલી તાલુકામાં પૂરની સ્થિતિમાં સાદકપોર ગોલવાડમાં ૭૦, ચીખલીમાં ૩૨૩, હોન્ડમાં ૧૩૩, ઘેકટીમાં ૧૦ મળી કુલ ૫૩૬ જેટલા લોકોનું રેસ્ક્યુ એસડીઆરએફ, વડોદરા ઇન્ડિયન આર્મી, નવસારી મહાનગર પાલિકાની ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જ્યારે તાલુકામાં કુલ ૩૮ જેટલા ગામોમાં ૧૧૦૩ ની આસપાસના ઘરોના ૪૧૫૭ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતુ. ચીખલીના તલાવચોરાના રાજા ફળીયામાં તળાવ ઓવરફ્લો થતા શ્રમજીવી પરિવારના ઘરોના નામો નિશાન જ મટી જવા પામ્યા હતા. સાદકપોર-ગોલવાડ, તલાવચોરા, ઘેજ સહિતના ગામોમાં કેટલાક દુધાળા પશુઓ અને પોલટ્રી ફાર્મમાં મરઘાઓના પણ મોત નિપજ્યા હતા. કચીગામના માંગેલવાડ વિસ્તારમાં આવેલા આશરે 17 જેટલા ઘરોમાં પાણી ફરી વળતાં રહિશોને ભારે નુકસાન થયું છે. રાનકુવા પટેલ વાડી પાસે બીલીમોરા-વઘઇ નેરોગેજ લાઇનનો રેલવે ટ્રેક ધોવાવા સાથે મોટું નુકસાન થતા ટ્રેન વ્યવહાર બંધ કરવાની રેલવે તંત્રને ફરજ પડી હતી. રાનકુવામાં રેલવે ટ્રેક નીચે મોટાપાયે ધોવાણ થયું હતું. વાંસદામાં ભારે વરસાદના કારણે કાવેરી નદીમાં આવેલા પૂરથી ચંપાવાડી વિસ્તારના નદી કિનારેના કેટલાક કાચા અને પતરા વાળા ઘરો નદીના પ્રચંડ વહેણમાં તણાઈ ગયા હતા. ઘટનાને પગલે અસરગ્રસ્ત પરિવારોને સમયસર સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવતા જાનહાનિ ટળી હતી. વલસાડ શહેરના મુખ્ય વેપારી મથક ગણાતા છીપવાડ અને દાણાબજાર વિસ્તારમાં પૂરના 10 ફૂટ પાણી ઉતરતાં જ વેપારીઓ પર આફતનો પહાડ તૂટી પડ્યો છે. પૂરને લઈ લાખો કિલો અનાજ સહિત કરિયાણા સમાન સહિત અન્ય સામાન પણ પલળી જતા મોટું આર્થિક નુકસાન આ બંને બજારોમાં થયું હોવાનો પ્રાથમિક અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે વલસાડની ઔરંગા નદીમાં મૌસમનું પ્રચંડ ઘોડાપૂર આવ્યું છે. પૂરના ધસમસતા પ્રવાહના કારણે વલસાડ શહેરને આસપાસના આશરે ૧૫૦ જેટલા ગામો સાથે જોડતા અત્યંત મહત્વપૂર્ણ કૈલાશ રોડ સ્થિત બ્રિજને ભારે નુકસાન પહોંચ્યું છે. દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાની વાત કરીએ તો તાપી જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે મેઘમહેર જારી રહી હતી, જેમાં ડોલવણમાં 7 ઈંચ, વાલોડ અને વ્યારામાં 4 ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના કારણે ઉકાઈના સ્ટેટ હાઈવે પર ભૂસ્ખલન થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. બારડોલીમાં મીંઢોળા નદી તોફાની બનતાં નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા હતા, જ્યાંથી તંત્રે કામરેજના કરજણ ગામે શેરડી, કેળ અને શાકભાજીના પાકને ભારે નુકસાન થયું હતું. તો માંડવીના લીમધા ગામે વરેહ નદી પરનો જર્જરિત પુલ ધરાશાયી થતાં બે ફળિયા વચ્ચેનો સંપર્ક તૂટી ગયો હતો, જ્યારે અરેઠનું મુંજલાવ ગામ રસ્તા પર ઝાડ-વીજપોલ પડવા તેમજ કોઝવે પર પાણી ફરી વળતાં સંપર્કવિહોણું બન્યું હતું.

કીમ નદી બંને કાંઠે છલકાતાં ઓલપાડ તાલુકાના લીંબાડા, વેલાછા, કઠોદરા અને બોલાવ જેવાં ગામોનાં ઘરોમાં પાણી ઘૂસી ગયાં હતાં, જેથી સ્થાનિક યુવાનો અને SDRFની ટીમે લોકોને શાળા તથા મંદિરોમાં ખસેડ્યા હતા. કઠોદરા ગામે કીમ નદીના પાણી ફરી વળતાં કીમ-કોસંબાને જોડતો ગાયકવાડી માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.

બીજી તરફ ભરૂચ જિલ્લામાં સતત વરસાદથી ધોલી ડેમ ઓવરફ્લો થયો છે, જ્યારે બલદેવા અને પીંગુટ ડેમમાં પણ મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ છે. ભારે વરસાદે અંકલેશ્વરમાં પણ તારાજી વેરી હતી. અંકલેશ્વરમાં પાણીના તેજ વહેણમાં તણાયેલા બાઈક ચાલકે વીજ ટાવર પર ચઢી જીવ બચાવ્યો હતો, જેને રેસ્ક્યુ ટીમે સલામત બહાર કાઢ્યો હતો. રાજપારડી પાસે ખાડીમાં કુદરતી હાજરી માટે ગયેલો યુવક તણાઈ જતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે. હાંસોટના દંત્રાઈ નજીક ડાયવર્ઝન પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થયો હતો. નર્મદા જિલ્લાના સાગબારાના ઉમરકૂઈ ગામે શાળાની કમ્પાઉન્ડ વોલ ધરાશાયી થઈ હતી. પરંતુ જાનહાનિ નોંધાઈ ન હતી.

### નવસારીમાં ડૂબી...

મહિલાએ સાડી કાઢી નાંખી હતી. તેને પકડીને ડૂબતા યુવાનને કિનારા સુધી લઇ આવવામાં આવ્યો હતો.

આ ઘટના સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઇ રહી છે અને આ મહિલાની લોકો વાહવાહ કરી રહ્યાં છે. આ વીડિયો નવસારીના મેકડોનાલ્ડ નજીક આવેલી પૂર્ણા નદીનો હોવાનું કહેવાય છે. અહીં પૂર્ણાના ધસમસતા પાણીમાં એક યુવક ડૂબી રહ્યો હતો. કિનારા પર ઉભેલા કેટલાક યુવકો તેને બચાવવા તો માંગતા હતા પરંતુ તેમની પાસે દોરડું ન હતું. ત્યારે અહીં ઊભેલી એક મહિલાએ તેની સાડી કાઢી નાંખી હતી. આ સાડી યુવકોએ નદીમાં ફેંકી હતી અને તેના સહારે ડૂબતો યુવક કિનારા સુધી આવી ગયો હતો.

### ક્પ્લેથા ગામમાં...

માંડ્યાં છે. જોકે, ઘણી જગ્યાએ પોલીસ પ્રસાશને નીચાણવાળા વિસ્તારોના રહીશોને પહેલેથી સ્થળાંતર કરાવી દીધું છે. ગ્રીન કેસ્કેટ નર્સરી અને મુસ્તાક રેસ્ટોરન્ટ નજીક છાતી સમા પાણીનો ભરાવો થતાં પોલીસ પ્રસાશને સચિન જીઆઈડીસીના શાસકોની મદદ માંગી હતી. સચિન જીઆઈડીસીમા નોટીફાઈડ ફાયર સ્ટેશન કાર્યરત હોવાથી શાસકો પૈકી નોટિફાઈડ ચેરમેન નીલેશ ગામી, પ્રમુખ કિશોરભાઈ પટેલ, અને સેક્રેટરી મયૂર ગોળવાળાએ નોટીફાઈડ અધિકારી પ્રીયાંક મેનત સાથે સંકલન કરી ફાયર ટીમને ક્પ્લેથા મુકામે રવાના કરી હતી. ફાયર ટીમે પોલીસની આગેવાનીમાં રેસક્યૂ કામગીરી કરી 11 લોકોને હેમખેમ છાતી સરસાં પાણીમાંથી બહાર કાઢી તેમનો જીવ બચાવ્યો છે.

**આ 11 લોકોને બચાવવામાં આવ્યા**

અહમદ જાવેદ શેખ (ઉ.વ.17 વર્ષ), મોહમ્મદ સબ્બીર શેખ (ઉ.વ.31), મોહમ્મદ સહજહા સજ્જાદ આલમ શેખ (ઉ.વ.19), રેહાન સુલતાન સાખ (ઉ.વ.19), બાબુલ કાફીલ શેખ (ઉ.વ.22), નૂરબાબુ સલામુદ્દીન શેખ (ઉ.વ.14), કપિલ ધ્યાની સદા (ઉ.વ.42), નૂરબાબુ સાદિક શેખ (ઉ.વ.15), મયુરભાઈ વસાવા (ઉ.વ.૧૮), શંકરભાઈ પટેલ (ઉ.વ.૩૬), ટીના બેન વસાવા (ઉ.વ.૪૦)

### 36થી વધુ...

કરવાની ફરજ પડી હતી. સતત બીજા દિવસે સુરત સ્ટેશન પર 60 હજારથી વધુ મુસાફરો અટવાઈ પડતાં ભારે હાલાકીનો માહોલ સર્જાયો હતો.

**મોડી સાંજે ટ્રેન વ્યવહાર પૂર્વવત્ત થતાં મુસાફરોને હાશકારો**

પાણીનું સ્તર ઘટતાં 24 જુલાઈની રાત્રે આશરે 1.45 વાગ્યે વલસાડથી મુંબઈ તરફ જતી અપ લાઇન પર નિર્ધારિત સ્પીડ લિમિટ સાથે ટ્રેન વ્યવહાર પુનઃશરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બીલીમોરા યાર્ડ ખાતે અપ લાઇન સવારે 9.45 વાગ્યે અને ડાઉન લાઇન બપોરે 1.00 વાગ્યે વાહનવ્યવહાર માટે સુરક્ષિત જાહેર કરાઈ હતી. અમલસાડ તેમજ ઉદવાડા અને પારડી વચ્ચે ધોવાયેલા ટ્રેકનું સમારકામ પૂર્ણ થતાં જ સમગ્ર મુંબઈ-નવી દિલ્હી મેઈન લાઇન પર ટ્રેન વ્યવહાર પૂર્વવત થઈ ગયો છે.

### સંપૂર્ણ રદ...

એક્સપ્રેસ
- 19015 દાદર - પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ
- 19034 અમદાવાદ - વલસાડ ગુજરાત ક્વીન
- 19105 / 19106 ઉધના - ભુસાવળ - ઉધના એક્સપ્રેસ
- 19217 બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ
- 20902 ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ
- 20925 સુરત - અમરાવતી સુપરફાસ્ટ એક્સપ્રેસ
- 21901 બાંદ્રા - બાડમેર સુપરફાસ્ટ
- 22903 બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ

### મેંધરમાં પૂરના...

પ્રાપ્ત વિગતો અનુસાર, ગણદેવીના મેંધર ગામમાં આવેલા ઝીંગા તળાવમાં કામ કરતા ૨૫ થી ૩૦ શ્રમિકો પાણીના પ્રચંડ પ્રવાહ વચ્ચે ફસાઈ ગયા હતા. જીવ બચાવવા માટે લાચાર બનેલા આ શ્રમિકોએ પોતાના છાપરા પર ચઢીને પોતાની આપવીતી અને મદદ માટેની આજીજીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વિડીયો વાયરલ થતાં જ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું અને હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યુ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. પરંતુ, એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ના નિયમો અને રાત્રિના અંધકાર તેમજ ખરાબ હવામાનને કારણે રાત્રિ દરમિયાન રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવું અશક્ય બન્યું હતું. જેને પગલે આ તમામ શ્રમિકોએ ખાધા-પીધા વગર પાણી વચ્ચે જ જીવના જોખમે આખી રાત છાપરા પર વિતાવવી પડી હતી.

આખરે, શુક્રવારે સવારે પરિસ્થિતિ અનુકૂળ થતાં જ ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા તાત્કાલિક હેલિકોપ્ટર મોકલીને મેંધર ગામના આ ઝીંગા તળાવની કેબિનના છાપરા પર ફસાયેલા તમામ શ્રમિકોને એર લિફ્ટ કરી સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. આ સફળ રેસ્ક્યુ બાદ સૌએ હાશકારો અનુભવ્યો છે, પરંતુ આ સમગ્ર ઘટના બાદ હવે સ્થાનિક સ્તરે એક મોટો અને ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે કે, અગાઉથી જ હવામાન વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા ભારે વરસાદ અને પૂરની ચેતવણી આપવામાં આવી હતી, છતાં ઝીંગા તળાવના માલિક દ્વારા આ શ્રમિકોને સમયસર સુરક્ષિત સ્થળે ખસેડવાની તજવીજ કેમ ન કરાઈ અને છેલ્લી ઘડી સુધી શ્રમિકોના જીવને જોખમમાં મૂકીને તેમને આ રીતે પૂરના પાણી વચ્ચે કેમ બેસી રાખવામાં આવ્યા? કુદરતી આપત્તિ સામે માનવી લાચાર બની જાય છે, પરંતુ માનવસર્જિત બેદરકારી અને માલિકોની ઉદાસીનતાને કારણે આટલા શ્રમિકોએ જે માનસિક અને શારીરિક ત્રાસ વેઠવો પડ્યો છે તે અત્યંત ગંભીર બાબત છે, ત્યારે આ મામલે વહીવટી તંત્ર દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

### સ્માર્ટસિટીમાં ત્રીજા...

મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. ઉપરવાસના વરસાદને કારણે શહેરની સીમાડા ખાડી સહિતની અન્ય ખાડીઓ હાલ ભયજનક સપાટીએ વહી રહી છે. ખાડીઓમાં જળસ્તર ખૂબ જ ઊંચું હોવાના કારણે નીચાણવાળા સોસાયટી વિસ્તારો અને મુખ્ય માર્ગો પરથી પાણીનો સહજ નિકાલ થઈ શકતો નથી. સારોલી ગામ અને આસપાસના વિસ્તારોમાં 5થી 6 ફૂટ જેટલા પાણી ફરી વળ્યાં છે, જેના કારણે સ્થાનિક સારોલી પોલીસ સ્ટેશન તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ પાણીમાં ડૂબી ગયા છે. શહેરમાં ચોમાસાની સ્થિતિને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે અને સતત ત્રીજા દિવસે શહેરમાં હજી 37 વિસ્તારો પાણીમાં ગરકાવ રહેતાં જનજીવન ભારે પ્રભાવિત થયું છે. શહેરમાં પાણી ભરાવાના કુલ 68 સ્પોટ નોંધાયા હતા, જેમાંથી 31 સ્પોટ પરથી પાણીનો નિકાલ કરી દેવાયો છે જ્યારે 37 સ્પોટ પર હજુ પણ પાણી ભરાયેલા છે. પૂર અને ભારે વરસાદ વચ્ચે ઈમરજન્સી રેસ્ક્યૂ ટીમો દ્વારા કુલ 260 લોકોને રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે દુર્ભાગ્યવશ 2 વ્યક્તિના મૃત્યુ નોંધાયા છે. તદ્દુપરાંત, નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાંથી કુલ 3228 લોકોને સુરક્ષિત રીતે રિલીફ સેન્ટરમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે યોગીચોક વિસ્તારમાં આવેલા મહાવીર સર્કલથી લક્ષ્મણનગર તરફ જતો મુખ્ય રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. વાહનચાલકો માટે વૈકલ્પિક ડાયવર્ઝન આપવામાં આવ્યું હોવા છતાં, કેટલાક લોકો પોતાના જીવના જોખમે ભરાયેલા પાણીમાંથી પસાર થતાં જોવા મળી રહ્યા હતા. સુરતના ધમધમતા ટેક્સટાઈલ માર્કેટ વિસ્તાર એવા પર્વત પાટિયા અને સારોલીના મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતાં વેપાર-ધંધા પર પણ માઠી અસર પડી હતી. આ તમામ વિસ્તારોમાં પણ સતત ત્રીજા દિવસે પાણી ભરાયેલા રહેતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

### સતત ત્રીજા...

રસ્તો બંધ કરવામાં આવ્યો છે અને વાહનોને સીમાડા ગામ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

- કંગારૂ સર્કલ ખાડી બ્રિજના છેડે અને મહારાણા પ્રતાપ તરફ જતા રસ્તા પર પાણી ભરાતા બેરીકેટીંગ કરીને રસ્તો તમામ વાહનો માટે બંધ કરાયો છે, જેના બદલે કંગારૂ સર્કલથી પર્વત પાટીયા થઈ કબુતર સર્કલ તરફ જઈ શકાશે.
- કંગારૂ સર્કલથી કડોદરા લેન્ડમાર્ક તરફ જતા રોડ પર અને આઈ માતા બ્રિજથી કંગારૂ સર્કલ તરફ જતો રસ્તો પાણી ભરાવાને લીધે બેરીકેટીંગ કરીને સંપૂર્ણ બંધ કરાયો છે, જેથી --પર્વત પાટીયાથી રેશ્મા સર્કલ, કેનાલ રોડ, આઉટર રીંગ રોડ અને એન્થમ સર્કલ થઈ કડોદરા તરફ જઈ શકાશે.
- બાફના કટથી VNSGU તરફ જતા રોડ પર પાણી ભરાતા સામાન્ય વાહનો માટે રસ્તો બંધ છે અને વાહનોને BRTS રૂટમાં ડાયવર્ટ કરવામાં આવ્યા છે.
- શ્યામ મંદિરથી અલથાણ તરફ જતો રસ્તો પાણી ભરાવાના કારણે બંધ કરવામાં આવ્યો છે અને સંગિની સર્કલ તરફ વાહનોનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.
- કોઝવે સર્કલ પાસે પાણી ભરાઈ જવાને લીધે રસ્તો બંધ રખાયો છે, જે માટે કોઝવે રોડ થઈને જિલ્લાની બ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે.
- વેણીનાથ ગરનાળું વિસ્તારમાં પાણી ભરાતા રસ્તો વાહનવ્યવહાર માટે બંધ છે અને માનસરોવર સર્કલ થઈ ઉત્રાણ રેલવે ઓવર બ્રિજ તરફથી જવાનો વૈકલ્પિક માર્ગ આપવામાં આવ્યો છે.m

# સુરત APMCમાં 435 બેઠકના અદ્યતન ઓડિટોરિયમનું લોકાર્પણ

**APMCના** ચેરમેન અને ધારાસભ્ય સંદીપ દેસાઈના પ્રયાસોથી સરદાર માર્કેટને મળી વિશ્વસ્તરીય સુવિધા



સુરતઃ સુરત કૃષિ ઉપજ બજાર સમિતિ (એપીએમસી) દ્વારા પુણા-કુંભારીયા સ્થિત સરદાર માર્કેટ ખાતે નવીનીકરણ અને વિસ્તરણ હેઠળ તૈયાર કરાયેલા 435 બેઠક ક્ષમતા ધરાવતા અદ્યતન ઓડિટોરિયમનું લોકાર્પણ સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ સમીરભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું.સુરત એપીએમસીના ચેરમેન અને ચોર્યાસી મતવિસ્તારના ધારાસભ્ય સંદીપ દેસાઈના સતત પ્રયાસોથી રિંગ રોડની નજીક આવેલા સરદાર માર્કેટ વિસ્તારમાં આ આધુનિક ઓડિટોરિયમનું નિર્માણ શક્ય બન્યું છે. આ ઓડિટોરિયમની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સુરતનું પ્રથમ બાલ્કનીયુક્ત ઓડિટોરિયમ છે. બેઠક વ્યવસ્થાનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું છે કે દરેક દર્શકને સ્ટેજનું સ્પષ્ટ દૃશ્ય મળે. ઓડિટોરિયમમાં કુલ 435 બેઠકો, સંપૂર્ણ સેન્ટ્રલ એર કન્ડીશનિંગ, ઉચ્ચ ગુણવત્તાની JBL સાઉન્ડ સિસ્ટમ, આધુનિક LED લાઈટિંગ, 4K પ્રોજેક્ટર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. લોકાર્પણ સમારોહમાં સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના અધ્યક્ષ બળવંતભાઈ પટેલ, સુરત જિલ્લા ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ રમણભાઈ પટેલ, એપીએમસીના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ-નવસારી-સુરતમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા યુદ્ધના ધોરણે કામગીરી

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં 22 અને 23 જુલાઈ દરમિયાન પડેલા અતિભારે વરસાદના કારણે વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના અનેક વિસ્તારોમાં વીજ વિતરણ વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચતા વીજ પુરવઠો ખોરવાયો હતો. અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો ઝડપથી પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. GUVNLના મેનેજિંગ ડિરેક્ટર શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં નવસારી માટે કે.પી. જોશી, વલસાડ માટે રાજ સુથાર તથા સંકલનની જવાબદારી પ્રીતિ શર્માને સોંપવામાં આવી હતી. વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા DGVCL, PGVCL અને કોન્ટ્રાક્ટર એજન્સીની કુલ 338 ટીમોમાં 1,334 અધિકારીઓ-કર્મચારીઓ સતત કામગીરી કરી રહ્યા છે. નુકસાનગ્રસ્ત વીજ લાઈનો, થાંભલા અને ટ્રાન્સફોર્મરોની મરામત યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

# VNSGUના નિયમિત વિદ્યાર્થીઓને અકસ્માત વીમા કવચ મળશે

**બોર્ડ** ઓફ મેનેજમેન્ટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણને મંજૂરી આપી

**વિવિધ** વીમા કંપનીઓના પ્રિમિયમના અભ્યાસ બાદ નિર્ણય

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. યુનિવર્સિટી પરિસરમાં નિયમિત અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિદીઠ રૂ. 1 લાખનું અકસ્માત વીમા કવચ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે અકસ્માત વીમો અમલમાં મૂકવા અંગે વિવિધ વીમા કંપનીઓ પાસેથી પ્રિમિયમની માહિતી મેળવી અહેવાલ તૈયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ તા. 16 જુલાઈ, 2026ના રોજ બેઠક યોજી વિવિધ વીમા કંપનીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રિમિયમ, શરતો અને અન્ય વિગતોનો અભ્યાસ કરીને પોતાની કાર્યવાહી અને અહેવાલ તૈયાર કર્યો હતો. આ અહેવાલને આધારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. 17 જુલાઈ, 2026ના રોજ યોજાયેલી બેઠકમાં સમિતિની કાર્યવાહીને યથાવત સ્વીકારી તેને મંજૂરી આપવા તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ બોર્ડ ઓફ મેનેજમેન્ટે પણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલી ભલામણનો યથાવત સ્વીકાર કરીને તેને મંજૂરી આપી છે. આ નિર્ણય સાથે યુનિવર્સિટીના તમામ નિયમિત વિદ્યાર્થીઓ માટે વ્યક્તિદીઠ રૂ. 1 લાખના અકસ્માત વીમા કવચની વ્યવસ્થા અમલમાં મૂકવાનો માર્ગ મોકળો બન્યો છે. યુનિવર્સિટીનો આ નિર્ણય વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો માટે સુરક્ષાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### નવસારી અને વલસાડમાં પૂરમાં ડૂબેલાની યાદી

| નં. | નામ | સ્થાન / ગામ | તાલુકો / જિલ્લો | કારણ |
|---|---|---|---|---|
| ૧૧ | હરીશભાઇ સોલંકી | સરીબુજરંગ | ગણદેવી | ડૂબી જવાથી |
| ૧૨ | રૂખીબેન પટેલ | કલમઠા | ગણદેવી | ડૂબી જવાથી |
| ૧૩ | કિરીટભાઇ પટેલ | દેવધા | ગણદેવી | કરંટ લાગવાથી |
| ૧૪ | યોગેશભાઇ પટેલ | સાદડવેલ | ચીખલી | ડૂબી જવાથી |
| ૧૫ | રાજવીર ભોયા (ભોયે) | રંગપુર | વાંસદા | તણાઇ જવાથી |
| ૧૬ | નરેશ કુંકણા | બારૂડિયાવાડ | વલસાડ | ડૂબી જવાથી |
| ૧૭ | હેમંત પટેલ | છીપવાડ | વલસાડ | ડૂબી જવાથી |
| ૧૮ | એક અજાણ્યા પુરુષ | - | પારડી | ડૂબી જવાથી |
| ૧૯ | એક અજાણ્યા પુરુષ | - | પારડી | ડૂબી જવાથી |
| ૨૦ | અમીન શૌકત | અંબાચ | પારડી | દિવાલ નીચે દબાઇ જવાથી |
| ૨૧ | આશિષ બઘેલ | - | પારડી | તણાઇ જવાથી |
| ૨૨ | એક અજાણ્યા પુરુષ | - | વલસાડ | ડૂબી જવાથી |